આંક–

સમયગાળો:– વર્ષ માસ દિવસ

(નમુનો:–અ)

| | | |
|---|---|---|
| **મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, નલીયા–કચ્છ** | | |
| (કે.આર.ગોહેલ)<br>અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,નલીયા–કચ્છ | | |
| ચુકાદાની તારીખ | : | તા.૧૩/૦૫/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | : | ફોજદારી કેસ નં. ૧૦૦૯/૨૦૨૨ |
| એફ.આઇ.આર.નં. | : | જખૌ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૫૦૧૭૨૨૦૦૫૨/૨૨ |
| ગુનો | : | **આઇ.પી.સી. કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૨૯૪(બી), ૧૧૪ જી.પી.એકટની કલમ ૧૩૫** |
| | | |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | ગુજરાત સરકારશ્રી |
| વિધ્વાન એ.પી.પી.શ્રી | : | શ્રી ડી.સી.ઠાકોર |
| આરોપી | : | (૧) ફરીદાબાઈ જુસબ દરાડ<br>(૨) સલમાબાઈ ઈમરાન દરાડ<br>(૩) ભચીબાઈ જાફર દરાડ<br>(૪) ખતાબાઈ ઈભલા દરાડ<br>રહે. તમામ દરાવાંઢ તા. અબ્બાસા– |
| આરોપીના વકીલશ્રી | : | પી.એમ.ગઢવી |

(નમુનો:–બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | તા.૨૮/૦૭/૨૦૨૨ |
| ફરીયાદની તારીખ | : | તા.૨૮/૦૭/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | : | તા.૦૫/૧૨/૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | : | તા.૦૯/૦૧/૨૦૨૩ |
| પુરાવો શરુ થયાની તારીખ | : | તા.૦૯/૦૧/૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની | : | તા.૧૩/૦૫/૨૦૨૬ |

| | | |
|---|---|---|
| તારીખ | | |
| ચુકાદાની તારીખ | : | તા.૧૩/૦૫/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | |

આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસી રવાન /સજા નિર્દો" ષ | સજા | સી.આર.પી .સી. ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ફરીદાબાઈ જુસબ દરાડ | ૨૯/૦૭/ ૨૦૨૨ | | **આઇ.પી.સી.૩૨ ૩,૫૦૪,૫૦૬(૨ ),૨૯૪(બી), ૧૧૪ જી.પી.એકટની કલમ ૧૩૫** | નિર્દોષ | – | – |
| ૨ | સલીમાબાઈ ઈમરાન દરાડ | – "" – | | – "" – | –""– | – | |
| ૩ | ભચીબાઈ જાફર દરાડ | – "" – | | – "" – | –""– | – | |
| ૪ | ખતાબાઈ ઈભલા દરાડ | ૨૦/૧૦/૨૨ | | – "" – | –""– | – | |

**<u>ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહદોનું લીસ્ટ</u>**

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | ઈસ્માઇલ જાકબ કેર | પંચ | ૧૭ |
| ૨ | ઉમર સીધીક ગજણ | પંચ | ૧૯ |
| ૩ | સુલતાન સતાર કેર | પંચ | ૨૧ |
| ૪ | મુસા સુમાર સંધાર | પંચ | ૨૨ |

| | | | |
|---|---|---|---|
| ૫ | દાઉદ ઈશાક દરાડ | સાહેદ | ૨૩ |
| ૬ | સંજયસિંહ અનુભા જાડેજા | ત.ક.અ. | ૨૪ |
| ૭ | અલ્ફાબેન ઈબ્રાહીમ દરાડ | સાહેદ | ૨૭ |
| ૮ | અબ્દુલ ઈશાક દરાડ | ફરીયાદી | ૩૦ |

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |
| | | | |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |
| | | | |

**<u>ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:-</u>**

(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૮ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૨ | ૨૦ | અટક પંચનામું |
| ૩ | ૩૧ | ફરીયાદ |

(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| | | |
| | | |

## (સી) કોર્ટપક્ષે અંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| – | | – |

## –:: ચુકાદો ::–

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા–૨૭/૦૭/૨૦૨૨ ના બપોરના પોણા એક વાગ્યે મોજે દરાડવાઢ ગામે તા.અબડાસા મુકામે આરોપી નં(૧) એ ફરીયાદીને ટ્રેકટર સાથે રસ્તામા રોકાવી ઝગડો કરી ભૂંડી ગાળો આપી તથા આરોપી નં(૨)એ ફરીયાદીને જમણા પગ મા તથા સાહેદને બન્ને હાથ ની આંગળીમા લોખંડ નો સળીયો મારી ઈજા પહોંચાડી ભુંડી ગાળો આપી તથા આરોપી નં(૩)એ મા બેન સમી ભુડી ગાળો બોલી તથા આરોપી(૪)એ ફરીયાદી તથા સાહેદોને મા બેન સમી ભુડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી જિલ્લા મેજીસ્ટ્રેટ ભુજ કચ્છ નાઓના જાહેરનામાનો ભંગ કરી એકબીજાને મદદગીરી કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદીએ દાખલ કરાવતાં પોલીસે આઇ.પી.સી. કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૨૯૪(બી), ૧૧૪ જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયેનો ગુનો નોધેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપીને અટક કરેલ અને તેઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોઇ તેઓ વિરુધ્ધનું હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આ કામે આરોપીને સમન્સની બજવણી થયેથી આરોપી હાજર થતાં તેઓને સી.આર.પી.સી. કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે આરોપી વિરુધ્ધ આંક–૪ થી તહોમતનામું

ફરમાવી આંક–૫ થી ૮ સુધી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતાં આરોપી વિરુધ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવતાં આરોપી ફરીયાદપક્ષના પુરાવાનો ઇન્કાર કરી, તેઓ સોગંદ પર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમજ વિશેષમાં કાંઇ કહેવું છે તેવા સવાલના જવાબમાં તેઓ નિર્દોષ વ્યક્તિ છે તેઓએ આવો કહેવાતો ગુનો કરેલ નથી તેમ જણાવેલ છે.

(૪) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ પરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

**:: મુદા ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા–૨૭/૦૭/૨૦૨૨ ના બપોરના પોણા એક વાગ્યે મોજે દરાડવાઢ ગામે તા.અબડાસા મુકામે આરોપી નં(૧) એ ફરીયાદીને ટ્રેકટર સાથે રસ્તામા રોકાવી ઝગડો કરી ભૂંડી ગાળો આપી તથા આરોપી નં(૨)એ ફરીયાદીને જમણા પત્ર મા તથા સાહેદને બન્ને હાથ ની આંગળીમા લોખંડ નો સળીયો મારી ઈજા પહોંચાડી ભુંડી ગાળો આપી તથા આરોપી નં(૩)એ મા બેન સમી ભુડી ગાળો બોલી તથા આરોપી(૪)એ ફરીયાદી તથા સાહેદોને મા બેન સમી ભુડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી જિલ્લા મેજીસ્ટ્રેટ ભુજ કચ્છ નાઓના જાહેરનામાનો ભંગ કરી એકબીજાને મદદગીરીકરી આઇ.પી.સી. કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૨૯૪(બી), ૧૧૪ જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ

**-:: નિર્ણય માટેના કારણો ::-**

**મુદા નં. ૧:-**

(૬) મુદા નં. ૧ નું સ્વરૂપ તથા હાલના આરોપી વિરુધ્ધના આક્ષેપોના સ્વરૂપને ધ્યાને લેતાં તથા આરોપી સામેના આક્ષેપીત ગુન્હાની જોગવાઈઓના હાર્દને જોતાં હાલના આક્ષેપ મુજબનો બનાવ આરોપીના ગેરકાયદેસર કૃત્યના કારણે બચાવ પામેલ હોય તેવી બાબત પુરતા અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. સદરહુ કામે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરુધ્ધનો ગુન્હો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગે કાયદામાં કોઈ માર્ગદર્શન આપવામાં આવેલ નથી પરંતુ દરેક કેસના સંજોગો અને હકીકતોના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહેલ છે અને પાછાના સુસ્થાપીત સિધ્ધાંતને ધ્યાને લઈને આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૭) આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે સૌપ્રથમ આંક–૧૭ થી પંચ ઈસ્માઈલ જાકબ કેર નાઓએ તથા આંક–૨૨ થી પંચ મુસા સુમાર સંધાર નાઓએ જુબાની આપી સ્થાનિક જગ્યાના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતાં પંચનામું આંક–૧૮ થી રજુ થયેલ છે. આ પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૮) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૯ થી પંચ ઉમર સીધીક ગજણ નાઓએ તથા આંક–૨૧ થી પંચ સુલતાન સતાર કેર નાઓએ જુબાની આપી અટક પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતાં અટક પંચનામું આંક–૨૦ થી રજુ થયેલ છે.આ પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૯) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ દાઉદ ઈશાક દરાડ નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, ફરીયાદી નાનો ભાઈ થાય છે આશરે ત્રણેક વર્ષ અગાઉ બનેલો ત્યારે તેઓ નોકરી ઉપર હતો ત્યારે તેમને તેમના ભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે ડખો થયેલ અને તેને મારવા માટે ફરીદાબાઈ દરાડ, જુસબ દરાડ, સલમાબાઈ દરાડ, ભચીબાઈ જાફર દરાડ, ભચુંબાઈ ઈભલા દરાડ નાઓ આવેલ છે જેથી પોલીસ સ્ટે.ને ફોન કરેલો તેમના ભાઈને માર મારેલ તેમના ભાઈને પગના ભાગે માર મારેલ હતો જેથી તેને દવા લીધેલ તેમના ભાઈએ આ ચારેય જણા વિરુધ્ધ ફરીયાદ આપેલી અને આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનું જણાવે છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, બનાવ મે નજરે જોયેલ નથી અને બનાવની હકિકત મારા ભાઈએ મને ફોન કરેલ જેથી હુ જાણુ છુ.એ વાતખરી છે કે આરોપીઓ મારા ગામના હોય તેઓને પહેલેથી ઓળખુ છુ.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૪ થી ત.ક.અ. સંજયસિંહ

અનુભા જાડેજા નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, ૨૦૨૨ વર્ષ મા તેઓ જખો પોલીસ સ્ટે.મા હે.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પોલીસ સ્ટે.એ પી.એસ.ઓ રૂબરૂ અબ્દુલ ઈશાક દરાડ રહે. દરાડવાંઢ વાળા એ આરોપી ફરીદાબાઈ વિગેરે મારા મારવાની આપેલ ગુન્હા રજી. ૫૨/૨૦૨૨ થી ગુન્હાની નોંધ કરી કલમ ૩૨૩,૫૦૪,૫૦૬ (૨) વગેરેનો મુજબનો ગુન્હો નોંધી આગળની તપાસ સોપેલ તપાસ દરમયાન બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ અને સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય તા.૨૯/૭/૨૨ ના રોજ અટક કરી ગુન્હાના કામે વપરાયેલ મુદામાલ કબ્જે કરેલ અને આરોપીઓને જામીન મુકત કરેલ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, બનાવવાનો વિસ્તાર વસ્તીવાળી વિસ્તાર છે તેમજ ઘણાબધા મકાનો આવેલા છે.આ સીવાય બચાવપક્ષના અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૭ થી સાહેદ અલ્ફાનાબેન ઈબ્રાહીમ દરાડ નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, તા.૨૮/૭/૨૦૨૨ ના રોજ સવારના અગિયાર બાર વાગ્યાની વચ્ચે હુ મારા ઘરે હતી. ત્યારે મને બાઈઓનો તથા મારા ભાઈનો અવાજ આવેલ જેથી હુ ઘરમાથી બહાર નીકળેલ. અને અમારા ઘરના પાછળના સી.સી. રોડ પર એક ટ્રેકટર ઉભુ હતુ અને તે ટ્રેકટર મારા ભાઈ ચલાવતો હતો અને સલમાબાઈ, ભચીબાઈ, ફરીદાબાઈ અને ખતુબેન તેમને ટ્રેકટર ચલાવવા ન દેતા હતા.આ બાઈઓ પાસે હથિયાર હતા અને મારા ભાઈને મારતા હતા જેથી હુ વચ્ચે બચાવવા ગઈ તો તમે સળિયો હાથમા વાગેલો.આ સળિયો સલમાબાઈ એ મારેલો. ત્યાર બાદ અમે જખો જનરલ હોસ્પીટલમા સારવાર માટે લેવા ગયેલા. સદર બનાવ બાબતની ફરીયાદ કોણે કરેલી તે મને ખબર નથી. બનાવ બાબતે પોલીસે મારુ નિવેદન લીધેલ અને આરોપીઓને ઓળખતા હોવાનું જણાવે છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, દરારવાંઢ નાનુ

ગામ છે,ત્યા એકજ જ્ઞાતીના લોકો રહે છે અને બધા એકબીજાને ઓળખીએ છીએ, આરોપીઓ અમારા જ્ઞાતીના છે,ફરીયાદ મે લખાવેલ ન હોવાના કારણે ફરીયાદમા શુ લખેલ છે તેની મને ખબર નથી.આ સીવાય બચાવપક્ષના અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૩૦ થી ફરીયાદી અબ્દુલ ઈશાક દરાડ નાઓએ જુબાની આપી એવો પુરાવો આપેલ છે કે, સાલ ૨૦૨૨ ની સાલમા બપોરના એક કે બે વાગ્યે જમવાનો સમય હતો તે દરમયાન તેમના ગામ ટ્રેકટર થી જતા હતા ત્યારે તેમના ઘર પાસે પંહોચેલ ત્યારે તેમના ઘરની બાજુમા રહેતા દરાડ ફરીદાબાઈ, દરાડ ભચીબાઈ, દરાડ સલમાબાઈ તથા દરાડ ખતુબાઈ આવેલા અને કહેલ કે, અંહિથી ટ્રેકટર લઈને નીકળવાનુ નંહિ તમારો રસ્તો નથી અંહિથી નીકળવા દઈશુ નંહિ આ લોકો લાકડીઓથી આવેલા હતા જેથી તેઓ ત્યા ટ્રેકટર મુકીને ભાગી ગયેલ આ સલમાબાઈ પાસે લોખડનો સળિયો હતો તેમને મારવાની કોશિશ કરતા તેમની બહેનો ત્યાં આવી ગયેલી અને બચાવવા માટે કાકાઈ બહેન અલફાનાએ હાથ નાખતા તેને હાથ પર સલમાબાઈએ તેના હાથ ઉપર લોખડનો સળિયો મારેલો જેથી તેને ઈજા થયેલી જેથી તેમણે તેમના ભાઈ આદમ ને ફોન કરેલો ત્યાર બાદ તેણે પોલીસને ફોન કરતા પોલીસ આવેલી તેમની બેનને હાથ ઉપર ઈજા થયેલ હોય જેથી સારવાર માટે જખો લઈ ગયેલા અને તેઓ પોલીસ સ્ટે.મા ગયેલ અને ફરીયાદ આપેલી અને ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવતાં ફરીયાદ આંક-૩૧ થી રજુ થયેલ છે અને આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, આરોપીઓ તથા અમો એક જ ગામના છીએ, અમો એક જ ગામના હોવાથી અવાર નવાર એકબીજાને મળીએ છીએ, આ ટ્રેકટર મારું ન હતું. આ સીવાય બચાવપક્ષના અન્ય સવાલોનો ઈન્કાર કરેલ છે.

(૧૩) આમ, આ કામે રજુ થયેલ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદી દ્વારા તેમના આંક-૩૦ ના

પુરાવામાં આરોપીઓ લાકડીઓ સાથે આવેલ અને સલમાબાઇ પાસે લોખંડનો સળીયો હોય તે તેમને મારવાની કોશીષ કરતાં કાકઇ બહેન અલફાનાએ હાથ નાંખતાં તેને હાથ પર સલમાબાઇએ લોંખડનો સળીયો મારેલ અને તેને ઈજા થયેલ. આ તબકકે આંક-૨૭ થી તપાસેલ ઈજા પામનાર સાહેદનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેમણે પણ સલમાબાઈએ લોખંડનો સળીયો મારેલ હોવાનો પુરાવો રજુ રાખેલ છે અને સાથે સાથે તેઓએ જખૌ જનરલ હોસ્પીટલમાં સારવાર લીધેલ હોવાનો પણ પુરાવો રજુ રાખેલ છે. પરંતુ, આ કામે સમગ્ર ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન કોઈ જ મેડીકલ સર્ટીફીકેટ રજુ રાખેલ નથી. આમ, રેકર્ડ પર રજુ થયેલ પુરાવાથી આરોપી સલામાબાઇ ધ્વારા સાહેદ અલ્ફાનાબેનને ઈજા પહોંચાડેલ હોય તેવી હકીકત એમ.એલ.સી. સર્ટીફીકેટના અભાવે પુરવાર માની શકાય નહીં અને આ ઈજા કેવા પ્રકારની હતી તે હકીકત પણ રેકર્ડ પર પુરવાર માની શકાય નહીં. આમ, આ કામે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદો ધ્વારા આરોપીઓ ધ્વારા ફરીયાદી તથા સાહેદને માર મારવામાં આવેલ હોય કે ધમકી આપવામાં આવેલ હોય તેવી હકીકત રેકર્ડ પર પુરવાર થતી નથી. અટક પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી તે સંજોગોમાં આંક-૨૦ નું અટક પંચનામું રેકર્ડ પર પુરવાર માની શકાય નહીં અને તે સંજોગોમાં આરોપીઓ પાસે બનાવ સમયે હથીયાર હોવાની હકીકત પણ રેકર્ડ પર પુરવાર માની શકાય નહીં. વધુમાં, આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવમાં ફરીયાદીને ઈજા થયેલ હોવાનું ફરીયાદપક્ષનું કથન છે. પરંતુ, આ સમગ્ર ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદીનું ઈજાનું પ્રમાપત્ર રેકર્ડ પર રજુ થયેલ નથી. જેથી રજુ કરવામાં આવેલ પુરાવા પરથી ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં. ૨ ના પ્રત્યુતરરૂપે આખરી આદેશ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧: આ કામના આરોપીઓને સી.આર.પી.સી. કલમ ૨૪૮(૧) અન્વયે

**આઈ.પી.સી. કલમ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૨૯૪(બી), ૧૧૪ જી.પી.એકટની કલમ ૧૩૫** મુજબના ગુનાના આરોપમાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨: આ કામે કબજે થયેલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩: ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) અન્વયે આરોપીએ અગાઉ આપેલ જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૬
નલીયા-કચ્છ.

**(કપીલ રંગલાલ ગોહેલ)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
નલીયા-કચ્છ.
કોડ : ૦૧૧૬૨